**Enrollment No: ____________________** **Exam Seat No:____________________**

# C.U. SHAH UNIVERSITY

## Summer Examination-2019

**Subject Name: Accounting & Finance – I**
**Subject Code: 4CO01AFI2** **Branch: B.Com (Gujarati)**
**Semester: 1** **Date: 30/ 03 /2019** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** મળવાની બાકી આવક અને ચૂકવવાના બાકી ખર્ચા કઇ પધ્ધતિમાં ધ્યાનમાં લેવામાં આવતા નથી? 1
(A) રોકડ પધ્ધતિ (B) વ્યાપારી પધ્ધતિ
(C) દેશીનામાં પધ્ધતિ (D) એકનોંધી હિસાબી પધ્ધતિ

**b)** કઇ હિસાબી પધ્ધતિએ રાખવામાં આવેલ હિસાબો ધંધાકીય પ્રવૃતિનો સાચો નફો કે નુકશાન પ્રગટ કરે છે? 1
(A) રોકડ પધ્ધતિ (B) વ્યાપારી પધ્ધતિ
(C) એકનોંધી હિસાબી પધ્ધતિ (D) ઊપજ- ખર્ચ પધ્ધતિ

**c)** જ્યારે સોલિસિટરની પેઢીમાં ભાગીદારોના નફાનું પ્રમાણ બદલાવવામાં આવે ત્યારે. 1
(A) હિસાબો વેપારી ધોરણે તૈયાર કરવા જરૂરી છે.
(B) હિસાબો રોકડના ધોરણે તૈયાર કરવા જરૂરી છે.
(C) હિસાબો તૈયાર કરવા જરૂરી નથી.
(D) ઉપરમાંથી કોઇ પણ નહિ.

**d)** ભાડે ખરીદ અને હપતા પધ્ધતિ વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે? 1
(A) મિલકતની સોંપણી (B) મિલકતની માલિકી
(C) મિલકતની વેચણકિંમત (D) ઉપરમાંથી એકેય નહિ

**e)** માલમિલકતની કરાર કિંમતમાંથી રોકડકિંમત બાદ કરતા તફાવતની રકમને ........................કહે છે 1
(A) મૂળ રકમ (B) વેચાણકિંમત (C) વ્યાજ (D) હપતો

**f)** ડિબેન્ચર એ......................... છે? 1
(A)જામીનગીરી (B) માલિકીની મૂડી (C) અનામત (D) એક પણ નહિ

**g)** મિલકતની ક્ષમતાને કાયમી ધોરણે ટકાવી રાખવા થતો ખર્ચ એટલે........... 1
(A)પુન: સ્થાપના ખર્ચ (B) મહેસૂલી ખર્ચ
(C) પ્રસારિત મહેસૂલી ખર્ચ (D) ટૂંકાગાળાનો મૂડી ખર્ચ

**h)** શેર એ કંપનીનો ............. નો નાનો હિસ્સો છે? 1

(A) અનામત (B) મૂડી (C) મિલકત (D) ખર્ચ

**i)** પુન:સ્થાપનાના હિસાબોમાં વધારાની મિલકતના બાંધકામ અંગેનું ખર્ચ ગણાય છે. 1

(A) મૂડી ખર્ચ (B) રોકડ ખર્ચ (C)મહેસૂલી ખર્ચ (D) પરચૂરણ ખર્ચ

**j)** કઇ પધ્ધતિમાં આખર સ્ટોકની કિંમત ચાલુ બજાર ભાવની કિંમત નજીક હોય છે ? 1

(A)લિફો પધ્ધતિ (B) ફિફો પધ્ધતિ

(C) ભારિત સરેરાશ પધ્ધતિ (D) નિશ્ચિત ભાવ પધ્ધતિ

**k)** કંપનીના ખરા માલિકો કોણ? 1

(A) કંપનીના સ્થાપકો (B) કંપનીનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

(C) કંપનીના ઓર્ડિનરી શેરધારકો (D) કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સ

**l)** જો જૂનો કાટમળ વેચતા નાણાં ઊપજ્યાં હોય તો તે રકમ 1

(A) પુન: સ્થાપના ખર્ચ ખાતે જમા થશે. (B) મહેસૂલીઆવક ગણાય.

(C) મૂડીઆવક ગણાય (D) આકસ્મિક આવક ગણાય

**m)** વસ્તુની કરાર કિંમત બાદ તેની રોકડકિંમત બરાબર - 1

(A) ઘસારો (B) વ્યાજ (C) બજારકિંમત (D)ખરીદકિંમત

**n)** .............એ કંપનીના મૂડી માળખાની કરોડરજ્જુ સમાન છે. 1

(A) ઇક્વિટિ /ઓર્ડિનરી શેર (B) ડિબેન્ચર (C) બેન્ક લોન (D) અનામત

**Q-2** **Attempt all questions** **(14)**

A નીચેની માહિતી પરથી “લિફો” પધ્ધતિથી આખર માલસિલક(સ્ટોક)ના મૂલ્યની ગણતરી કરો. **7**

આવક :

| | |
|---|---|
| 1-4-2017 | 500 એકમો ભાવ રૂ 4.50 એકમદીઠ |
| 10-3-2017 | 750 એકમો ભાવ રૂ 6.00 એકમદીઠ |

જાવક :

| | |
|---|---|
| 11-4-2017 | 400 એકમો |
| 25-6-2017 | 600 એકમો |

**B** ઇન્વેન્ટરીના મૂલ્યાંકનના હેતુઓ સમજાવો. **7**

**Q-3** **Attempt all questions** **(14)**

**A** ફિફો પધ્ધતિ સમજાવો. **7**

**B** ડિંબેન્ચરની મર્યાદાઓ આપો. **7**

**Q-4** **Attempt all questions** **(14)**

**A** ટૂંકનોંધ : સ્થાપકનો ફાળો **7**

**B** હપતા પધ્ધતિ અને ખરીદ પધ્ધતિ વચ્ચેનો તફાવત આપો. **7**

**Q-5** **Attempt all questions** **(14)**

**A** લાંબા ગાળાની લોનના લક્ષણો સમજાવો. **7**

**B** ઇક્વિટી શેરના ફાયદા જણાવો. **7**

**Q-6** **Attempt all questions** **(14)**

**A** સાદા ડિંબેન્ચર અને ગીરવી ડિંબેન્ચર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો. **7**

**B** હિસાબો રાખવાની રોકડ પધ્ધતિ સમજાવો. **7**

**Q-7** **Attempt all questions** **(14)**

**A** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેર વિસ્તારમાં રૂ 10,00,000 ના ખર્ચે પાણીની પાઇપ લાઇન નાખી હતી. કોર્પોરેશને વધતી જતી માંગને પહોંચી વળવા નવી વધારાની પાઇપ લાઇન નાંખવાનો તથા જૂની પાઇપ લાઇન બદલીને તેની પુન: સ્થાપના કરવાનો નિર્ણય કર્યો. રૂ 12,50,000 ના ખર્ચે નવી પાઇપ લાઇન નાંખી, જ્યારે રૂ 32,50,000 ના ખર્ચે જૂની ભંગાર પાઇપ લાઇન બદલીને નવી પાઇપ લાઇન નાંખી. ભાવવધારો 125% થયો છે. જૂના માલસામાનના રૂ 2,50,000 ઊપજ્યા. **7**

જરૂરી આમનોંધ લખો.

**B** શેર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો. **7**

**Q-8** **14**

સોલિસિટર અ તા. 31-3-2014 ના રોજ પૂરા થતા વર્ષની નીચે મુજબ માહિતી પૂરી પાડે છે. તેના પરથી રોકડના ધોરણે વાર્ષિક હિસાબો તૈયાર કરો.

| વિગત | રૂ | વિગત | રૂ |
|---|---|---|---|
| ઓફિસ ખર્ચ | 1,75,000 | મૂડી | 6,25,000 |
| મકાન | 4,00,000 | ફી અનામત (શરૂનું) | 1,75,000 |
| આપેલ વટાવ | 57,500 | કુલ ફી | 10,75,000 |
| મકાન પર ઘસારો | 77,500 | અસીલો પાસેથી રોકડ મળી | 9,82,500 |
| અસીલોના પરચૂરણ ખર્ચની ખાતાવહી | 1,25,000 | પગાર ચૂકવવાનો બાકી | 25,000 |
| બેન્ક (ઓફિસ) | 2,05,000 | અસીલ એડવાન્સ | 1,50,000 |
| બેન્ક (અસીલ) | 1,50,000 | શિખાઉ ઉમેદવારનું પ્રીમિયમ | 75,000 |
| હાથ પર રોકડ | 25,000 | કમ્પ્યૂટર | 1,50,000 |
| ફી અંગે દેવાદાર | 2,10,000 | ફર્નિચર | 2,25,000 |
| | | મોટરકાર | 3,25,000 |

વધારાની માહિતી :

(1) મોટરકાર અને ફર્નિચર પર 10% ઘસારો માંડી વાળો.

(2) અસીલો પાસેથી મળેલ એડવાન્સ રૂ 50,000 નો ભૂલથી બનાવેલ ફીના બિલમાં સમાવેશ થયો છે.

(3) અસીલો વતી પરચૂરણ ખર્ચ પેટે મળેલ રૂ 40,000 અસીલોના એડવાન્સ ખાતે જમા થયેલ છે.

(4) સ્ટેશનરીનો સ્ટોક રૂ 25,000

(5) વર્ષના અંતે અધૂરાં કામ રૂ 1,25.000 ના હતા.

શિખાઉ ઉમેદવાર તા. 1-4-2012 થી ત્રણ વર્ષ માટે રાખવામાં આવેલ હતો.